# પંચાયતોની ચૂંટણીમાં મતદારોના વિરાટ સ્વરૂપના દર્શન



# જિલ્લાની ૧૫૬ પંચાયતોમાં ૭૦ ટકા મતદાન

**વહેલી સવારથી જ મતદારોએ લાઈન લગાવી જે સાંજ સુધી ચાલી : એક-બે ગામમાં ધીમી કામગીરીને લઈ મતદારો ટોળે વળી પટાંગણમાં પલોઠી લગાવી બેઠા : મતદાન સમય પછી પણ મતદાન ચાલુ રહ્યુ**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં ૧૫૬ ગ્રામ પંચાયતોની આજે યોજાયેલી ચૂંટણીમાં શાંતિપૂર્ણ રીતે મતદાન સંપન્ન થતાં તંત્રએ રાહતનો દમ લીધો હતો. પંચાયતની ૨૦૧૬ની ચૂંટણી કરતાં આ ચૂંટણીમાં ત્રણેક ટકા જેટલુ વધારે મતદાન થયાના પ્રાથમિક અંદાજો છે. આજે જિલ્લામાં પ્રાથમિક અંદાજ મુજબ ૭૦ ટકા થી ૭૨ ટકા જેટલુ મતદાન નોંધાયુ છે.

એક સાથે બે મત અને બેલેટથી મત આપવાના હોવાથી ઘણા બધા ગ્રામ્ય વિસ્તારોમાં મોડે સુધી મતદાન ચાલ્યુ હતુ. ખાસ કરીને દહેગામ અને ગાંધીનગર તાલુકામાં પંચાયતોની સંખ્યા વધુ હતી અને મતદારોમાં પણ ભારે ઉત્સાહ હોવાથી મોટી લાઈનો મતદારોની સવારથી જ થઈ હતી.

આજે સવારે ૭ વાગ્યાથી આ લોકશાહી પર્વની ઉજવણીનો આરંભ થયો હતો. સવારથી જ ગ્રામ્ય વિસ્તારમાં લાઈનો જોવા મળી હતી. યુવા, આધેડ અને વૃદ્ધો લાઈનમાં ઉભા રહી ગયા હતા.

મતદાન સવારે ઠંડી વધારે હોવાથી થોડુક ધીમુ ચાલ્યુ હતુ. જો કે આ પછી આ પ્રક્રિયામાં વેગ આવ્યો હતો. બપોરના સમયે મતદાન થોડુક ધીમુ જરૂર પડ્યુ હતુ પરંતુ લાઈનો તો જોવા મળતી જ હતી.

ગ્રામીણ વિસ્તારમાં આજે મતદારોએ જે ઉત્સાહ મતદાન માટે બતાવ્યો હતો તે જોતાં આ ચૂંટણીમાં





હાર-જીતનો માર્જીન ઘણો જ ઓછો રહેશે તેવું અનુમાન છે.

આ લોકશાહી પર્વમાં ભાગ લેવા માટે વૃદ્ધો પોતાના પૌત્રોની મદદથી તો કોઈ વ્હીલચેરમાં મતદાન મથકે પહોંચ્યા હતા અને તેમના અધિકારનો ઉપયોગ કર્યો હતો. કાનપુરમાં તો ભારે ધસારાને પગલે મહિલા મતદારો ત્યાં ટોળે વળી બેસી ગઈ હતી.

મોટી શિહોલીમાં પણ આવુ જ બન્યુ હતુ. મોટી શિહોલીમાં મતદારો બેસી ગયાના અહેવાલો ગાંધીનગર પહોંચતા મામલતદારની ટીમના અધિકારીઓ ત્યાં પહોંચ્યા હતા. જોકે આ પછી મતદાનમાં વેગ જરૂર આવ્યો હતો.

દહેગામ તાલુકાના સાંપા ગામે એક મતદાર દારૂ પી ને મત આપવા જતાં હોબાળો મચી ગયો હતો પરંતુ પછી તંત્રએ મામલાને શાંત પાડ્યો હતો.

જિલ્લાના ઘણા બધા ગામોમાં તો સવારે ૧૦ વાગ્યા સુધીમાં મતદાન ૩૦ ટકા જેટલુ થતાં ભારે મતદાનની વાતો અને શક્યતાઓ વ્યક્ત થતી હતી. જો કે બપોરે મતદાન ધીમુ પડ્યુ હતુ અને સાંજે પાછી તેમાં ગતિ આવી હતી.

શહેરમાં ઘણા બધા ગામોમાં ૭૫ ટકાથી લઈ ૯૦ ટકા સુધી મતદાન થયાનું જાણવા મળેલ છે. જોકે મોડી સાંજ સુધી મતદાન ચાલ્યુ હતુ તેથી સત્તાવાર ટકાવારી જાણી શકાઈ નથી.

પોલીંગ પાર્ટીઓ મોડી રાત્રે રિસીવીંગ સેન્ટર પર પહોંચી હતી અને અડધી રાત્રે પણ આ કામગીરી ચાલુ રહી હતી.

આજે મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયા પછી હવે સૌની નજર મંગળવારે હાથ ધરાનારી મતગણતરી પર મંડાઈ છે. દરેક તાલુકા મથકો પર આ મતગણતરીની કામગીરી હાથ ધરવામાં આવશે.

સાંજે પાંચ વાગ્યા સુધીમાં જિલ્લામાં ૬૨.૪૨ ટકા મતદાન નોંધાયુ હતુ. દહેગામમાં પાંચ વાગ્યા સુધીમાં ૫૫ ટકા, ગાંધીનગરમાં ૬૬ ટકા, માણસામાં ૭૩ ટકા અને કલોલમાં ૭૧ ટકા જેટલુ મતદાન નોંધાયુ હતુ. જિલ્લામાં ૪,૦૭,૯૫૬ મતદારો પૈકી ૨,૫૪,૬૬૩ મતદારોએ મતદાન પાંચ વાગ્યા સુધીમાં કર્યુ હોવાનું જાણવા મળેલ છે.

# શહેરમાં ઓમિક્રોનનો એન્ટ્રી, સેકટર-૧માં પ્રથમ કેસ

**દર્દીના પરિવારના સભ્યોના પણ સેમ્પલ લઈ ચકાસણી માટે મોકલાયા**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં પણ કોરોના નવા વેરિએન્ટ ઓમીક્રોનનું આગમન થતાં જ તંત્ર હરકતમાં આવ્યુ છે.

લંડનથી આવેલા ૧૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ યુવાનના નમૂના મેળવી વધુ એક વખત ચકાસણી માટે મોકલવામાં આવ્યા હતા. ગઈકાલે મોડી રાત્રે આ યુવાનને ઓમિક્રોન હોવાનું જણાતાં જ તંત્રમાં સન્નાટો છવાઈ ગયો હતો.

આજે મનપાની આરોગ્યતંત્રની ટીમે આ દર્દીની તેમજ તેના ઘરની મુલાકાત લીધી હતી. દર્દી હાલ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. દર્દીના સંપર્કમાં આવેલ પરિવારના ૪ સભ્યોના પણ તંત્રએ આજે સેમ્પલ લઈ ચકાસણી માટે મોકલ્યા છે.

ગાંધીનગરમાં વાયબ્રન્ટ સમીટની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે ત્યારે ઓમિક્રોનની એન્ટ્રીને લઈ શહેરભરમાં સન્નાટો છવાયેલો જોવા મળતો હતો. બાયબ્રન્ટના આયોજન અંગે પણ લોકોમાં હવે શંકા-કુશંકાઓ થઈ રહી છે.

# શહેરમાં કાતિલ ઠંડી, પારો ૮ ડીગ્રી

**ઠંડીનો પારો એક જ રાતમાં ૩ ડીગ્રી ઉંચકાયો સિઝનની રેકર્ડ બ્રેક ઠંડીના લીધે નગર કોલ્ડવેવમાં ઠુંઠવાયુ : સાંજ ઢળતા જ શહેરીજનો ઘરમાં પુરાયા : સેકટરોની શેરીઓમાં ઠંડીના લીધે સન્નાટો : કોલ્ડવેવના લીધે જરૂરિયાતમંદોની હાલત દયાજનક : ઠંડીના આક્રમક મિજાજથી જનજીવન પ્રભાવિત**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં આજે કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. ઠંડીનો પારો એક જ રાતમાં ૩ ડીગ્રી ઉંચકાયો હતો જેના લીધે ગાંધીનગરાઓએ હાડ થીજાવતી ઠંડીનો અહેસાસ કર્યો હતો. ગાંધીનગર કાતિલ ઠંડીની ગિરફતમાં આવતા નગરજનો કોલ્ડવેવથી બચવા માટે ઘરમાં પુરાયેલા રહ્યા હતા. દિવસનુ તાપમાન ૨૬. ૫ ડીગ્રી રહ્યુ હતુ જેના લીધે ઠંડીથી બચવા માટે બપોરના સમયે સેકટરવાસીઓ તડકે તપવાનુ પસંદ કર્યુ હતુ પરંતુ સાંજ ઢળતા જ આકરી ઠંડીનુ મોજુ ફરી વળતા શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોની શેરીઓમાં સન્નાટો છવાઈ ગયો હતો.

ગાંધીનગર માટે આજનો દિવસ સૌથી ઠંડો પુરવાર થયો હતો. શહેરમાં ઠંડીના પારાની વધઘટ વચ્ચે આજે લઘુત્તમ તાપમાન ૮ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. જેના લીધે સવારથી જ વાતાવરણમાં બર્ફિલી ઠંડક અનુભવતા નગરજનો ઠંડીથી બચવા ઘરમાં પુરાયેલા રહ્યા હતા. સવારે પણ ઠંડા પવનના સુસવાટાના લીધે બપોર સુધી આકરી ઠંડકનુ મોજુ ફરી વળ્યુ હતુ. જયારે દિવસનુ તાપમાન ૨૬.૫ ડીગ્રી હોવાથી બપોરના સમયે નગરજનોએ ઠંડીમાં થોડી રાહત અનુભવી હતી. આક્રમક ઠંડીના લીધે નગરનુ જનજીવન પ્રભાવિત થયુ છે. છેલ્લા ચાર દિવસમાં ઠંડીનો પારો ૬ ડીગ્રી ઉંચકાયો છે. જેના લીધે ગાંધીનગર આજે કાતિલ ઠંડીની ગિરફતમાં આવી ગયુ હતુ. ઠંડીથી બચવા માટે નગરજનો ગરમ કપડામાં સજ્જ જોવા મળ્યા હતા જયારે ઠંડીની અસરથી સેકટરોમાં પણ સાંજ ઢળતા જ સન્નાટો છવાઈ જાય છે. ઘરોમાં હીટર ઓન થઈ જાય છે. બીજીતરફ વૃધ્ધો અને બિમાર વ્યકતિઓની પરેશાની વધી છે. ઠંડીનો પારો સિંગલ ડીઝીટમાં આવી જતા બપોરના સમયે



સેકટરવાસીઓ તડકે બેસવાનુ પસંદ કરી રહ્યા છે. ગાંધીનગરમાં ઠંડીની મોસમ આક્રમક બનતા નગરજનોએ ઘરમાં પુરાવાનો

● અનુસંધાન પાના - ૭ પર

# કુડાસણમાં સતત બીજે દિવસે બીજો કેસ નોધાયો

**શહેરમાં કેસોની સંખ્યા ૨૬ થઈ : બે દર્દી કોરોનામુક્ત થતાં ડિસ્ચાર્જ અપાયું : હાલ ૧૧ એક્ટીવ કેસ**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે વધુ એક કેસ નોંધાયો છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૨૬ થઈ છે.

આજે નોંધાયેલ કેસ પણ કુડાસણમાંથી મળતાં તંત્રની ચિંતા વધી છે. શહેરમાં જે જે કોરોનાના કેસો મળ્યા છે તે બીજી લ્હેરમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી જ મળી રહ્યા હોવાથી તંત્રએ સઘન સર્વેલન્સની કડક સૂચનાઓ આપી છે.

આજે ૬૧ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તાવ અને શરીરના દુઃખાવાની ફરિયાદને પગલે ટેસ્ટ કરાવતા આ નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ જણાયો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

આજે નોંધાયેલ દર્દીએ વેક્સિનના બન્ને ડોઝ લીધા છે. જોકે તેઓ ક્યાંય બહાર ફરવા ગયા હોવાનું જાણવા મળેલ નથી. કુડાસણમાં આજે સતત બીજે દિવસે પણ કેસ મળતાં તંત્ર ચોંક્યુ છે. સઘન સર્વેલન્સ તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે અને ફરજીયાત માસ્કના નિયનમની અમલવારી માટે સૂચનાઓ આપવામાં આવી છે.

તંત્રએ આ દર્દીના સંપર્કમાં આવેલી ત્રણ વ્યક્તીઓને હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે તેમજ તેમના સેમ્પલ પણ લેવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

શહેરમાં જે ગતિએ કેસો મળવાના શરૂ થયા છે તેને લઈ તંત્રએ પણ હવે સોશ્યલ ડિસ્ટન્સીંગ સહિતના નિયમોની અમલવારી કડક બનાવવા માટે મન બનાવી લીધુ છે. સરકારની ગાઈડલાઈનનો ચુસ્તતાથી અમલ કરવામાં આવશે તેવા સંકેતો તંત્રએ આપ્યા છે.

શહેરમાં આજે બે દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હાલ ૧૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા પણ ખાસ સૂચના આપવામાં આવી છે.

## આજે મનપાની સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે બપોરે ૧૨.૩૦ વાગે સામાન્ય સભા યોજાશે. મેયર હિતેષ મકવાણાના અધ્યક્ષસ્થાને મનપાના સભાખંડમાં આ બેઠક મળશે. આ બેઠકમાં સાત જેટલા મુદ્દાઓ એજન્ડામાં દર્શાવવામાં આવ્યા છે. જો કે આ બધા વહીવટીય પ્રકારના મુદ્દાઓ છે જેને બહાલી આપવામાં આવશે. સંપૂર્ણ બહુમતિ સાથે ભાજપના મેયરની અધ્યક્ષતામાં આ બેઠક મળશે. બેઠક પૂર્વે ભાજપાના કાઉન્સીલરોની ઔપચારિક બેઠક પણ યોજાશે તેમ જાણવા મળેલ છે.

# હેડ કલાર્કનું પેપર પ્રિન્ટીંગ સુપરવાઈઝરે ૯ લાખમાં વેચ્યું

**હેડ કલાર્કનું પેપર જે પ્રિન્ટીંગ પ્રેસમાં છપાયા હતા તેના સુપરવાઈઝરની સંડોવણી સામે આવી, પેપર પ્રિન્ટીંગ પ્રેસમાંથી લીક : હાથીજણના દિપક પટેલે મંગેશ પાસેથી પેપર મેળવી રૂ.૯ લાખમાં દેવલ પટેલ અને જયેશ પટેલને આપ્યું હતું**

રાજયમાં તા.૧૨ ડિસેમ્બરના રોજ લેવાયેલી હેડ કલાર્કની પરિક્ષાના પેપર લીંક કૌંભાડ અંગે પ્રાંતિજ પોલીસ મથકે



ફરીયાદ નોંધાઈ છે. ફરીયાદ નોંધાયા બાદ પેપર લીંક કરનાર ઓરોપીઓને પકડી પાડવા માટે પોલીસની વિવિધ ટીમો દિવસ રાત દોડતી હતી. આ પેપર લીંક કેસમાં પોલીસે અત્યાર સુધીમાં ૮ આરોપીઓને દબોચી લીધા છે. ત્યારે ગાંધીનગર એલસીબી પોલીસ ટીમ દ્વારા પેપર લીંક કૌંભાડમાં વધુ ૩ શખ્સોની અટકાયત કરાઈ છે. જેમાં દહેગામના હાથીજણના દિપક મહેન્દ્ર પટેલનું નામ સામે આવતા પુછતાછ કરી હતી. જેમાં અન્ય બે વ્યકિતનું નામ બહાર આવ્યું હતું. જેમાં નરોડાના મંગેશ શશીકાંત શીરકે અને સાણંદ મણીપુર વડના કિશોર કાનદાસ આચાર્યનો સમાવેશ થાય છે. જયારે ગૌણ સેવા પસંદગી મંડળના પેપર પ્રિન્ટીંગ થયા હતા, ત્યાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે. હેડ કલાર્કની પરિક્ષાનું આ પેપર દિપક મહેન્દ્ર પટેલે રૂ.૯ લાખમાં પ્રાંતિજના ઉંચ્છા ગામના દેવલ જશંવત પટેલ અને જયેશ ઈશ્વર પટેલને આપ્યું હતું.

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ગત રવિવારના રોજ લેવાયેલી પરિક્ષાના પેપર લીકની ઘટના સામે આવી હતી.ત્યારે પેપર લીક મામલે ગાંધીનગર, સાબરકાંઠા અને અમદાવાદની પોલીસ ટીમો કામે લાગી હતી. પોલીસ દ્વારા પેપર લીક કૌંભાડમાં અત્યાર સુધીમાં ૮ શખ્સોની અટકાયત કરી કોર્ટમાં રજુ કરતા તા.૨૭-૧૨-૨૧ સુધી કુલ-૯ દિવસના રીમાન્ડ આપવામાં આવ્યા છે. પેપર લીક કૌંભાડમાં વધુ વ્યકિતઓની સંડોવણી હોવાનુ લાગતા પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા,ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા સુચના મળતા એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.એ.વછેટા, એ.જી.એનુરકાર, પી.ડી.વાઘેલા, વી.કે.રાઠોડ, વાય.વાય.ચૌહાણ, સહિતની વિવિધ ટીમો તૈયાર કરીને ટેકનીકલ એનાલીસીસ અને હ્યુમન સોર્સિસ આધારે તપાસ કરી રહી હતી. તે સમયે ભાગેડુ આરોપી દેવલ પટેલ તેમજ જયેશ પટેલના સંપર્કમ આવનાર વ્યકિતઓની તપાસ હાથ ધરી હતી. આ તપાસમાં દહેગામના હાથીજણ ગામના દિપક મહેન્દ્ર પટેલની સંડોવણી સામે આવતા એલસીબી દ્વારા અટકાયત કરી પુછપરછ કરતા દિપક પટેલે જણાવ્યું કે નરોડા ખાતે રહેતા મંગેશ શશીકાંત શીરકે પાસેથી મેળવી રૂ.૯ લાખમાં તા.૯.૧૨.૨૧ ના રોજ દેવલ જશવંત પટેલ તેમજ જયેશ ઈશ્વર પટેલ (રહે ઉંચ્છા પ્રાંતિજ)ને અપ્યું હતું. જયારે નરોડા ખાતે રહેતા મંગેશ શશીકાંત શીરકે આ હેડ કલાર્કનું પ્રશ્ન પત્ર પોતાની પત્નીના કૌંટુબિક કાકા કિશોર કાનદાસ આચાર્ય (રહે મણીપુર વડ સાણંદ) પાસેથી મેળવ્યું હતું. જયારે ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પેપર પ્રિન્ટીંગ માટે આપ્યા હતા તે પ્રિન્ટીંગ પ્રેસમાં પ્રિન્ટીંગ સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com